# આનંદમગ્ન રહો, સદ્‌ગુણોની ખાણ બનો

૧ જૂન, ૨૦૧૯

આત્મીય પાઠકો,

‘આનંદમય જન્મદિવસ’નો મંગલમય મહિનો આવી ગયો છે. આ મહિના દરમ્યાન સિદ્ધયોગ પથ પર આપણે એક ખૂબ જ વિશેષ પર્વના, આપણા પરમ પ્રિય ગુરુ, શ્રીગુરુમાઈના જન્મના મહોત્સવનો આનંદ મનાવીએ છીએ. તેમની દિવ્ય ઉપસ્થિતિ દ્વારા તેઓ અનેક લોકોનાં હૃદયને સ્વયંના સત્ય-સ્વરૂપ પ્રત્યે જાગૃત કરે છે. ‘આનંદમય જન્મદિવસ’ના મહિનાની જય હો!

ગુરુમાઈજીની કૃપા પ્રાપ્ત કરવાના સ્વર્ણિમ સૌભાગ્યથી વિસ્મિત, મારું હૃદય એક ગીત ગાઈ રહ્યું છે જે હું તમને જણાવવા માગુ છું.

*મંગલ ઋતુ હૈ છાઈ દેખો, પાવન બેલા આઈ દ્વાર,*
*થિરક રહી હૈ યહ ધરતી પાકર શુભ ચરણોં કી તાલ,*
*ધન્ય હુએ હૈં પવન-ગગન સબ, ધન્ય હુઈ પ્રકૃતિ કી ચાલ.*
*ઇહલોક મેં આયે હો તુમ કરાને નૌકા સબકી પાર,*
*હાથોં મેં દી ડોર સત્ય કી, ખોલ દિયે હિય કે દ્વાર,*
*ગાયે કિસ વિધ સ્તુતિ? તુમ્હારી કરુણા અપરમ્પાર,*
*પાકર પ્રિય કૃપા અહેતુક, ધન્ય હુએ હમારે ભાગ.*

જુઓ, મંગલ ઋતુ છવાઈ ગઈ છે, પાવન ક્ષણ દ્વાર પર આવી ગઈ છે!
શુભ ચરણોનો તાલ પામીને આ ધરતી નૃત્ય કરી રહી છે.
પવન-ગગન ધન્ય થયાં છે, પ્રકૃતિનો લય ધન્ય થયો છે!
તમે આ લોકમાં, અમારાં બધાંની નૌકા પાર કરાવવા માટે આવ્યાં છો.
તમે સત્યની ડોર અમારા હાથોમાં આપી દીધી છે.
તમે અમારા હૃદયનાં દ્વાર ખોલી દીધાં છે.
અમે કેવી રીતે તમારી સ્તુતિ ગાઈએ? તમારી કરુણા અપરંપાર છે.
હે પરમ પ્રિય! જ્યારથી અમને તમારી અહેતુક કૃપા પ્રાપ્ત થઈ છે, અમારું ભાગ્ય ધન્ય થઈ ગયું છે.

સમયની આ ક્ષણે, સાધકોના જીવનમાં આ મહિનાની મહત્તા સાચે જ વિશેષ છે. પ્રકાશ-સ્તંભ જેવી શિખામણો દ્વારા, ગુરુમાઈજી આ પથ પર આપણી યાત્રાનું માર્ગદર્શન કરે છે.

'મધુર સરપ્રાઈઝ' ૨૦૧૯ના તેમના સંદેશ પ્રવચનમાં, ગુરુમાઈજી આપણને આપણી સાધનામાં સદ્‌ગુણોને લાગુ કરવાનું શીખવે છે જેથી આપણા અભ્યાસોનું પુનરાવર્તન હંમેશાં તાજગીભર્યું અને નિત્ય નવીન રહે. તેમણે આપણને આ સ્વર્ણિમ ચાવી આપી છે, આ પ્રભાવશાળી અને શક્તિશાળી રીત આપી છે જેથી આપણે આપણી સાધનાને જીવંત રાખી શકીએ. આવું કરવા માટે આ મહિના દરમ્યાન આપણી પાસે એક અનેરો અવસર છે.

'આનંદમય જન્મદિવસ'નો પ્રત્યેક દિવસ એક ''રત્ન સમાન'' સદ્‌ગુણથી સુશોભિત છે, ગુરુમાઈજી તેમના પ્રવચનમાં સદ્‌ગુણોનો ઉલ્લેખ આ જ રીતે કરે છે. પ્રત્યેક દિવસ ગુરુમાઈજી દ્વારા પસંદ કરાયેલા સદ્‌ગુણના તેજથી આલોકિત છે. ગુરુમાઈજી દ્વારા પસંદ કરાયેલો આ સદ્‌ગુણ આપણા માટે છે જેથી આપણે તેનું ચિંતન કરીએ અને તેનો વિકાસ કરીએ. જેવી રીતે પ્રકાશના હળવા સ્પર્શથી પન્નાનું રત્ન ચમકી ઊઠે છે અને તેનાં દરેક પાસા ઝગમગવા લાગે છે, તેવી જ રીતે જ્યારે સદ્‌ગુણોનો સ્પર્શ થાય છે ત્યારે આપણાં કાર્યો તે સદ્‌ગુણોના પ્રકાશથી ઝગમગી ઊઠે છે.

હું તમને આમંત્રિત કરું છું કે આ મહિને તમે વૈભવશાળી સદ્‌ગુણોની શૃંખલાને અંગીકાર કરો અને પ્રત્યેક સદ્‌ગુણને તમારાં કાર્યોમાં પ્રતિબિંબિત થવા દો. જ્યારે તમે શ્રીગુરુમાઈના સંદેશનું અધ્યયન કરો, તો આને તમારો દૈનિક અભ્યાસ બનાવી દો; આ અભ્યાસ તમારા મનને તેની પોતાની આભા સાથે જોડાઈ જવામાં મદદ કરશે. બની શકે કે તમારાંમાંથી કેટલાંક લોકોની પોતાની વિશિષ્ટ રીત પહેલેથી જ હશે કે પ્રત્યેક સદ્‌ગુણ સાથે કેવી રીતે સંલગ્ન થવું. એ ઘણી સારી વાત છે! અને જો ન હોય, તો આગળ વધો અને એક એવી યોજના બનાવો જે તમારા માટે કારગર હોય.

* * *

આ મહિને જ્યારે તમે સિદ્ધયોગ પથ વેબસાઇટની મુલાકાત લો ત્યારે ગુરુમાઈજીનાં સંદેશના તમારા અધ્યયનને ગહન કરવા માટે ઘણી પોસ્ટ આવશે. તદ્ઉપરાંત, આ ખૂબ જ વિશેષ મહિનાનો ઉત્સવ મનાવવા માટે તમને કેટલીક અત્યંત ઉલ્લાસપૂર્ણ અને પ્રેરણાદાયી પોસ્ટ પણ જોવા મળશે.

- 'સદ્‌ગુણ વૈભવ' — દિવ્ય સદ્‌ગુણોનો ખજાનો, જેમાં મહિનાના પ્રત્યેક દિવસ માટે એક સદ્‌ગુણ આવશે.
- 'मधुर प्रकाश, मधुर आनन्द' — મનોહર ચિત્રોની સુંદર ગૅલરી, જે આપણાં હૃદયને મોહિત કરી દેશે.
- Pick a Birthday Bliss Mango (પિક અ બર્થડે બ્લિસ મેંગો) — ૨૦૧૨ની આ ઇન્ટરૅક્ટિવ પોસ્ટની દરેક ક્લિક પર એક સ્વાદિષ્ટ મિજબાની તમારી પ્રતીક્ષા કરે છે, જે લોકપ્રિયતાને કારણે ફરીવાર પોસ્ટ થઈ રહી છે.☺ તો, નાનાં-મોટાં બધાં જ તેનો આનંદ ઉઠાઓ!
- 'શ્રીગુરુમાઈ સાથે નામસંકીર્તન' — ગુરુમાઈજીનાં નામસંકીર્તનના વિડીયોનું સંકલન, જેની આપણે 'આનંદમય જન્મદિવસ'ના મહિના દરમ્યાન ઘણી આતુરતાથી પ્રતીક્ષા કરીએ છીએ.

- Reflections on Gurumayi (રિફ્લેક્શન્સ ઑન ગુરુમાઈ) — 'આનંદમય જન્મદિવસ' મહોત્સવના ભાગ રૂપે, સિદ્ધયોગીઓ ગુરુમાઈજીની શિખામણો પર તેમનું મનન-ચિંતન લખે છે. આ સુંદર પરંપરાનો આરંભ વર્ષ ૨૦૧૪થી થયો છે. તમે વર્ષ ૨૦૧૯ના નવા અને પહેલાંનાં વર્ષોનાં મનન-ચિંતન પણ વાંચી શકો છો જે તમને મનન-ચિંતન કરવાની પ્રેરણા આપશે.
- ધ્યાન સત્ર ૬ : *Enrich the Worth of the Sadguna in Your Life*
- હવે 'મધુર સરપ્રાઈઝ' ૨૦૧૯ પહેલીવાર ઇટાલિયન, પોર્ટ્યૂગીઝ અને જાપાનીઝ ભાષામાં પણ ઉપલબ્ધ છે.

* * *

આ વૈભવપૂર્ણ મહિનો આપણને વર્ષ ૨૦૧૯ના મધ્યમાં પણ લઈ આવ્યો છે. આ ખરેખર ઉચિત સમય છે, એ પુનરાવલોકન કરવાનો સમય છે કે આ વર્ષના આરંભમાં તમે જે સંકલ્પ બનાવ્યો હતો, તેને પરિપૂર્ણ કરવામાં ગુરુમાઈજીના સંદેશના અત્યાર સુધીના તમારા અધ્યયન અને અભ્યાસે તમને કેવી રીતે મદદ કરી છે. તમારા પ્રયત્નો, જે સદ્‌ગુણોથી વ્યાપ્ત અને નવા જોશથી અનુપ્રાણિત છે તે તમારી સાધનાને પુનર્નવીન કરશે.

દરેક સદ્‌ગુણ પૂર્ણ વૈભવ સાથે સ્વયંને પ્રગટ કરે તેમજ તમારા વિચારોને અને તમારાં કાર્યોને અનુપ્રાણિત કરે એવી શુભકામના. 'સદ્‌ગુણ વૈભવ'!

મને સંતકવિ કબીરજીનો એક સુંદર દોહો યાદ આવે છે, જેને મેં ગુરુમાઈજી પાસેથી સાંભળ્યો હતો. તે મને ''રત્ન-સમાન સદ્‌ગુણો''ને વિકસિત કરવાની પ્રેરણા અને દઢસંકલ્પથી ભરી દે છે.

*શીલવન્ત સબસે બડા, સબ રતનન કી ખાન ।*<br>
*તીન લોક કી સંપદા, રહી શીલ મેં આન ।।*

સદ્‌ગુણી વ્યક્તિ સર્વશ્રેષ્ઠ છે, બધાં અમૂલ્ય રત્નોની ખાણ છે.<br>
ત્રણેય લોકની સંપત્તિ, સદ્‌ગુણોમાં નિવાસ કરે છે.

આદરસહિત,

ગરિમા બોરવણકર

© ૨૦૧૯ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.